# પાટનગર રાષ્ટ્રભક્તિના રંગે રંગાયુ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર તથા તાલુકાઓની શાળાઓમાં ૬૮મા ગણતંત્ર દિવસની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સરકારી પ્રાથમિક શાળાઓમાં પણ પ્રજાસત્તાક દિનની ઉજવણીનો ઉમંગ અને ઉલ્લાસ જોવા મળ્યો હતો. આ સાથે શહેરની ખાનગી શાળાઓમાં પણ પ્રજાસત્તાક દિવસે વિવિધ રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



**● સે-૧૬ સરકારી પ્રાથમિક શાળા**

સે-૧૬ની સરકારી પ્રાથમિક શાળા ખાતે ૬૮માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉલ્લાસપૂર્ણ રીતે કરવામાં આવી હતી. અહીં સેકટરમાં સૌથી વધુ અભ્યાસ ધરાવતી દિકરી જીજ્ઞાબેન વાઘેલાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અગ્રણી સામાજિક કાર્યકરો પ્રદિપસિંહ વાઘેલા, વિજયસિંહ માજીરાણા સહિત શાળાની એસએમસી ટીમ, શાળા કર્મચારી પરિવાર તથા મોટી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યો હતો. આ કાર્યક્રમમાં ખેલ મહાકુંભમાં શાળાના વિદ્યાર્થીઓએ ઝોન કક્ષા સુધી કબડ્ડી તથા કુસ્તીની રમતમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી રૂ. ૧૪ હજારના રોકડ ઈનામો જીત્યા હતા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીજ્ઞાબેન વાઘેલાને પણ સન્માનપત્ર અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં બાળકોને નાસ્તો કરાવાયો હતો. કાર્યક્રમ બાદ વાલી મિટીંગ યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે આચાર્ય અરુણભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

**● શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કુલ, સે-૧૫**

સે-૨૫ જીઆઈડીસીમાં આવેલ શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે ગણતંત્ર દિવસની ઉજવણી હર્ષોલ્લાસથી કરવામાં આવી હતી. આ પ્રસંગે સે-૧૬ મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ. મીનાક્ષીબેનના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મીનાક્ષીબેને મહિલા સુરક્ષા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવા સાથે આ



મુદ્દે પુરુષો તથા મહિલાઓ બંનેને સાથે હિંમતપૂર્વક સામનો કરી હકારાત્મક ઉકેલ તરફ આગળ વધવા સંકલ્પ લેવડાવ્યા હતા. કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી પરિવાર, કર્મચારી ગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**● ટીંટોડા પગાર કેન્દ્ર શાળા**

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ખાતે પગાર કેન્દ્ર શાળામાં ૬૮મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ટીંટોડા ગામની પૂર્વ વિદ્યાર્થીની શિવાની શૈલેષભાઈ પંડયાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામના સરપંચ ચેતનાબેન કાનાજી ઠાકોર તથા શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ



કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમના અંતે સરપંચ ચેતનાબેન દ્વારા બાળકોને સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તથા મિઠાઈ દ્વારા બાળકોનું મ્હોં મીઠું કરાવાયું હતું.





ગાંધીનગર શહેરમાં ૬૮માં પ્રજાસત્તાક પર્વની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કોલેજના ડીન ડૉ. અરુણ વ્યાસના હસ્તે ધ્વજવંદન કરાવ્યું હતું. જેમાં હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. રાજેન્દ્ર ચૌહણ, ડેપ્યુટી આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ જશપરા સહિત મેડીકલ ઓફિસર, નર્સિંગ સ્ટાફ, સિક્યુરીટી સ્ટાફ અને આઉટ સોર્સીંગના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી



પાટનગરમાં આવેલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે પણ યુનિ.ના કુલપતિ ડૉ. (પ્રો.) કે.એસ. લિખિયાના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્ટાફના કર્મચારી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિએ દેશભકિત, દેશસેવાના કાર્યો કરવા માટેનું પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. સ્ટાફના કર્મચારીઓએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## સે-૪ના છાપરામાં ઉજવાયો અનોખો ગણતંત્ર દિવસ

### અચાનક આયોજિત થયેલા કાર્યક્રમમાં શ્રમજીવી પરિવારોના બાળકોએ વગર તૈયારીએ રજૂ કરેલ કૃતિઓથી તમામને દંગ કર્યા

પ્રજાસત્તાક દિવસ એક સરકારી ઉજવણી અને માત્ર ઔપચારિકતા બનતો જાય છે તેવી ફરિયાદો દર વર્ષે વધી રહી છે. આ સંજોગોમાં સંપન્ન વર્ગ જયારે માત્ર સોશ્યલ મિડીયા થકી જ રાષ્ટ્રીય તહેવારો ઉજવતો થતો જાય છે ત્યારે ગાંધીનગરના મહાનગર પાલિકાના વોર્ડ નં. ૮માં સેકટર-૪ ખાતેના છાપરા વિસ્તારમાં જરૂરિયાતમંદ વર્ગ દ્વારા કરાયેલ પ્રજાસત્તાક દિનની





ઉજવણીએ એક પ્રેરક દૃષ્ટાંત પુરું પાડયું છે.

શહેરના છેવાડે આવેલ સે-૪ના છાપરાં વિસ્તારના રહીશો માટે વોર્ડના સ્થાનિક નગરસેવક પાયલબેન મેણાત દ્વારા ૬૮માં ગણતંત્ર દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં ઝુંપડપટ્ટી વિસ્તારના શ્રમજીવી પરિવારોના બાળકોએ ડાન્સ, દેશભકિતના ગીતો, ગરબા જેવા અનેક સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી તમામને અચંબામાં મુકી દીધા હતા. સાવ અચાનક રીતે આયોજિત કરાયેલા આ કાર્યક્રમમાં બાળકોએ કોઈ પણ તૈયારી વગર પણ અદભૂત મનોરંજક કાર્યક્રમો રજુ કર્યા હતા.

આ ધ્વજવંદન કાર્યક્રમમાં કોર્પોરેટર પાયલબેન મેણાત ઉપરાંત અગ્રણી રહીશ સંગ્રામભઈ ભરવાડ, કિરીટભાઈ પરેરા, વિજય હડિયોલ, મિહિર પટેલ, મુકેશ મારૂ, અનિલ ચાવડા તથા સુરેશ મેણાત સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં બાળકોને ઈનામો આપી સન્માનવા ઉપરાંત નાસ્તો પણ કરાવાયો હતો. આ કાર્યક્રમથી રાષ્ટ્રીય પર્વને છેવાડાના નાનામાં નાના વ્યકિત સુધી પહોંચાડવાનો અનોખો સંદેશ પ્રસારિત થયો હતો.

### અડાલજ નજીક બની ચકચારી ઘટના

## વિદ્યાર્થિનીનું અપહરણ કરી દેહ વ્યાપારના ધંધામાં ધકેલવાનો પ્રયાસ

**૧૪ વર્ષની વિદ્યાર્થિનીને ખોરજની એક મહિલા સહિત બે શખ્સોએ નિશાન બનાવીને અપહરણ કર્યુ : શાળા સંચાલકોને સતર્કતાથી વિદ્યાર્થિની દેહના સોદાગરોના સકંજામાંથી છુટી : મહિલાની ધરપકડ : એક શખ્સ ફરાર**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના અડાલજ નજીકના એક ગામમાં ચકચારી ઘટના બની હતી. ૧૪ વર્ષ વિદ્યાર્થિનીને નિશાન બનાવીને સ્કૂલમાંથી તેણીને એક મહિલા સહિત બે શખ્સોએ મળીને અપહરણ કરી લીધુ હતુ અને દેહવ્યાપારના ધંધામાં ધકેલવાનો કારસો ઘડી કાઢ્યો હતો. ખોરજ પુલ પાસે તેઓ પહોંચ્યા ત્યાં જ શાળાના સંચાલકોએ સતર્કતા દાખવીને તેમનો પીછો કરી બ્રીજ પાસેથી મહિલાને પકડી પાડી સગીરાને તેના સકંજામાંથી મુક્ત કરાવી દીધી હતી. આ મામલે અજાલજ પોલીસે ગુનો દાખલ કરી મહિલાની ધરપકડ કરી લઈ ફરાર થઈ ગયેલા તેના સાગરીતને શોધી કાઢવા તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ અડાલજ નજીકના એક ગામમાં રહેતી ૧૪ વર્ષની વિદ્યાર્થિની ૨૨ તારીખે પોતાના ઘરથી તેણીની બહેનપણીના ઘરે ગઈ હતી. બહેનપણીના ઘરેથી પરત જઈ રહી હતી ત્યારે તે સગીરાને ખોરજમાં રહેતી તરૂણા યોગેશ પટેલ નામની મહિલાએ પોતાના ઘરમાં બોલાવી હતી. તે સમયે તેણીના ઘરમાં બે યુવાનો બેઠા હતા. આ બે યુવાનો જેમ કહે તેમ તારે કરવાનુ છે તેવુ સગીરાને કહીને તરૂણાએ મોબાઈલ, નવા કપડા, પૈસા અને દાગીના લઈ આપવાની લાલચ આપી હતી. ગભરાઈ ગયેલી સગીરાએ દોટ મુકી અને ત્યાંથી બહાર ભાગી જઈને પોતાના ઘરે ચાલી ગઈ હતી. બીજે દિવસે સગીરા પોતાની સ્કૂલમાં ગઈ ત્યારે રસ્તામાં તરૂણા પટેલે તેણીને ઉભી રાખી અને અમદાવાદ લઈ જવા તૈયાર કરી. તે સમયે તરૂણા સાથે ખોરજનો જ તેનો સાગરીત નિતિન જગદીશ નાયક પણ સાથે હતો. સગીરાને સ્કૂલમાં લઈ જઈ તરૂણાએ રજાચિઠ્ઠી લખાવી અને પોતે સગીરાની કાકી હોવાનો પણ ઉલ્લેખ કર્યો. ત્યાર બાદ એકટીવા પર સગીરાને બેસાડીને તરૂણા અને નિતિન ખોરજ બ્રિજ તરફ લઈ ગયા. ત્યાં સગીરાને આ બંને શખ્સો દેહ વ્યાપાર કરવા સમજાવી રહ્યા હતા. શાળાના શિક્ષકોને રજાચિઠ્ઠી સ્વિકારતા સમયે શંકા ગઈ હતી એટલે સતર્કતા દાખવીને તેમણે પીછો કર્યો હતો. તેઓ ખોરજ બ્રીજ પહોંચ્યા ત્યારે શિકોને જોઈને સગીરાને હિંમત આવી ગઈ અને તરૂણાને ધક્કો મારીને તેમની જાળમાંથી નીકળી શિક્ષકો પાસે પહોંચી ગઈ હતી. ત્યાર બાદ સમગ્ર ઘટના અંગે શિક્ષકોને જાણ કરવામાં આવતા આ મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. દેહના સોદાગરોથી મુક્ત થયેલી કિશોરીની ફરીયાદ આધારે અડાલજ પી.આઈ.એ પ્રીવેન્સન ઓફ ચાઈલ્ડ ફોર સેક્સ્યુઅલ ઓફેન્સ (પોક્સો) તથા ૩૬૩, ૩૬૬ મુજબ ગુનો દાખલ કરી તરૂણા યોગેશ પટેલની ધરપકડ કરી લીધી હતી. જ્યારે ફરાર થઈ ગયેલા નિતિન નાયકની ધરપકડ માટે તપાસ આરંભી છે. તરૂણાને સેન્ટ્રલ જેલ હવાલે ધકેલી દેવામાં આવી છે.



પ્રજાસત્તાક પર્વના રોજ ગાંધીનગર શહેરના સે-૨૧ સ્થિત મહારાષ્ટ્ર સમાજ ભવન ગાંધીનગર ખાતે મહિલાઓ દ્વારા હલ્દી કંકુનો કાર્યક્રમ યોજાયો હતો તેમજ વાર્ષિક સ્પોર્ટસ ડેની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે પ્રો. કબડ્ડી લીગના સ્ટાર ખેલાડી સંદીપ નરવાલ હાજર રહ્યા હતા જયારે મહારાષ્ટ્ર ભવન ખાતે ગણેશ મંદિરના ભૂમિ પૂજનમાં બેસનાર ભાવિ ભકતોની પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**હવે તમને શૌચાલય જાવ શૌચ પછી હાથ ધુવો એવું કહીને હેરાન કરવાનું બંધ... હવે તમે ફક્ત મોબાઈલ બેકીંગ શીખી જાવ એટલે ઘણું...!!**

## સિસિકા દ્વારા આયોજીત સ્વ. ગિજુભાઈ ત્રિવેદી, ગાંધી-સ્મૃતિ નિધિ અન્વયે વ્યાખ્યાન

સિનિયર સિટિઝન કાઉન્સિલની માસિક બેઠક તા. ૩૧-૧-૨૦૧૭ના રોજ સાંજે ૪.૦૦ કલાકે શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ, સમાજવાડી સે-૭ ખાતે મળશે. સાથે સાંજે ૫.૦૦ કલાકે સ્વ. ગિજુભાઈ ત્રિવેદી 'ગાંધી-સ્મૃતિ નિધિ' અંતર્ગત ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવ શ્રી ડૉકટર રાજેન્દ્ર ખીમાણી 'કયાં છે, ગાંધી-વિનોબાના સ્વપ્નનું ભારત?' વિષયે વયાખ્યાન આપશે. સૌ સભ્યોને ખાસ ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે.

## સોમનાથ મહાદેવ મંદિરના પાટોત્સવ નિમિત્તે લઘુરૂદ્ર અને પ્રહર પૂજા

ગાંધીનગર, તા. ૨૭

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર સંચાલિત સોમનાથ મહાદેવ મંદિરનો પાટોત્સવ અને મહા શિવરાત્રી નિમિત્તે શ્રી સોમનાથ મહાદેવ મંદિર સે-૧૬ ખાતે તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તે અંતર્ગત સવારે લઘુરુદ્રનું, રાત્રીના ભજન અને ચાર પ્રહર પુજા રાખવામાં આવશે.

લઘુરુદ્ર અને ચાર પ્રહરપુજામાં બેસવા માટે જે કોઈ બ્રહ્મ સમાજના સભ્યોએ નામ નોંધાવવા હોય તેમણે શ્રી સોમનાથ મંદિર, સે-૧૬ ગાંધીનગર ખાતે સંપર્ક કરવા સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## પેથાપુરના અગ્નિકર્મ સેન્ટરમાં દર્દીઓની સારવારથી વિદેશના ડૉક્ટરો પ્રભાવિત

**ઢીંચણ-કમર, ગરદન, વા, સાયટીકા, ફ્રોઝન શોલ્ડર, ટેનિસ એલ્બો સહીતના રોગમાં અત્યાર સુધી ૨૨ હજાર દર્દીઓને રાહત : બુધ, ગુરૂ, શુક્ર નિ:શુલ્ક સારવાર : ત્રણ હજાર વર્ષ જુની સારવાર પદ્ધતિનો મહત્તમ દર્દીઓ લાભ લે છે : વૈદ્ય અશ્વિન બારોટ**

ગાંધીનગર, તા. ૨૭

પેથાપુર સ્થિત ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરમાં આયુર્વેદની ત્રણ હજાર વર્ષ જુની અગ્નિકર્મ પદ્ધતિથી દર્દીઓને સાંધાના દુખાવાઓની અસરકારક સારવાર આપવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૨૨ હજારથી વધુ દર્દીઓને સારવારથી રાહત મળી છે. આજે આ સેન્ટરની વિદેશના ડોક્ટરોએ મુલાકાત લીધી હતી. દર્દીઓને અગ્નિકર્મ પદ્ધતિથી અપાતી સારવાર અને અસરકારક પરિણામથી વિદેશના નામી ડૉક્ટરો પણ પ્રભાવિત થયા હતા. આ સેન્ટરમાં બુધ, ગુરૂ અને શુક્ર દર્દીઓને નિ:શુલ્ક સારવાર આપવામાં આવે છે.

ગાંધીનગરના પેથાપુર ખાતે આવેલા ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાણીતા નામાંકીત ડૉક્ટરોએ મુલાકાત લીધી હતી. જેમાં આયર્લેન્ડની પેઈન ફેકલ્ટીના ભૂતપૂર્વ ડીન અને પેઈન કન્સલ્ટન્ટ ડૉ. કેમિલસ પાવર, એથેન્સ-ગ્રીસની જનરલ હોસ્પિટલના ન્યુરોલોજી વિભાગના ડાયરેક્ટર ડૉ. એલેના પાપાજ્યોર્જીયુ તથા ગ્રીસના જાણીતા ડૉ. નિકોલસ કોસ્ટોપોલસનો સમાવેશ થાય છે. વિદેશના આ ડૉક્ટરો તા. ૨૯ જાન્યુઆરી રવિવારે અમદાવાદ ખાતે અગ્નિકર્મ-આયુર્વેદા પેઈન મેનેજમેન્ટ વિષય પર યોજાનાર નેશનલ સેમીનાર અને વર્કશોપમાં હાજરી આપવા ગુજરાતમાં આવ્યા છે. ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરના સ્થાપક તથા માર્ગદર્શક લંડન સ્થિત વૈદ્ય અશ્વિન બારોટ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરની મુલાકાત દરમિયાન તેમણે આયુર્વેદની દુ:ખાવા માટેની ઝડપી સારવાર પદ્ધતિનું ઝીણવટપૂર્વક અવલોકન કર્યુ હતુ અને અગ્નિકર્મ સારવારનો લાભ લીધેલા દર્દીઓ સાથે મુલાકાત તથા તેમની તપાસ પણ કરી હતી. અગ્નિકર્મ સારવાર પદ્ધતિમાં ઉત્સાહજનક પરિણામો જોઈને તેમણે ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરના વૈદ્યોની ટીમને ખુબજ અભિનંદન આપ્યા હતા. અગ્નિકર્મ એ આયુર્વેદની વિશિષ્ટ પ્રકારની સારવાર પદ્ધતિ છે, જેનુ વર્ણન આયુર્વેદના પ્રાચીન ગ્રંથો જેવા કે સુશ્રુતસંહિતા, અષ્ટાંગ હૃદયમાં કરવામાં આવ્યું છે. અગ્નિકર્મ એ સાંધાના દુ:ખાવા જેવા કે ઢીંચણ-કમર-ગરદનનો દુ:ખાવો, સ્નાયુ-નસ-ગાદીની તકલીફ, સાંધાનો વા, સાટીકા-રાંઝણ, ફ્રોઝન શોલ્ડર, ટેનીસ એલ્બો, એડીનો દુ:ખાવો, માઈગ્રેન (આધાશીશી) જેવા રોગોમાં ખુબજ ઝડપથી રાહત થાય છે.

ભારતીય આયુર્વેદની આ પ્રાચીન પદ્ધતિથી ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટર, પેથાપુર (ગાંધીનગર) ખાતે તદન વૈજ્ઞાનિક ઢબે સારવાર કરવામાં આવે છે. સેન્ટર દ્વારા છેલ્લા ૩ વર્ષમાં ૨૨ હજારથી વધુ દર્દીઓને તેમના દુ:ખાવામાંથી રાહત મળી છે. ઢીંચણ-કમરના ઓપરેશનની તારીખ સુદ્ધાં લઈ ચુકેલા દર્દીઓને ઓપરેશનમાંથી મુક્તિ મળી છે અને ખુબજ સારા પરિણામ મળ્યા છે. ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરમાં સપ્તાહના ત્રણ દિવસ બુધ, ગુરૂ, શુક્ર નિ:શુલ્ક અગ્નિકર્મ સારવાર આપવામાં આવે છે, જેમાં ગુજરાતના જ નહી પરંતુ અન્ય રાજ્યના તથા પરદેશના દર્દીઓ પણ સારવારનો લાભ લે છે. ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરના સ્થાપક વૈદ્ય અશ્વિન બારોટ (લંડન-યુ.કે.) છેલ્લા ૩૦થી વધુ વર્ષથી યુરોપના દેશોમાં આયુર્વેદનો પ્રચાર કરવા ઉપરાંત યુરોપના તબીબોને આયુર્વેદ ચિકિત્સાના મૂળભૂત સિદ્ધાંતોનું વૈજ્ઞાનિક જ્ઞાન આપે છે.

આયુર્વેદીક પદ્ધતિમાં તેમણે વૈજ્ઞાનિક, સચોટ તથા પુરાવા સાથેનો અભિગમ અપનાવ્યો, જેના કારણે અગ્નિકર્મ જેવી ૩૦૦૦ વર્ષ પ્રાચીન આયુર્વેદની લુપ્ત થઈ રહેલ ચિકિત્સા પદ્ધતિને તેઓ પુન: જીવિત કરી શકયા છે. ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરનો ઉદ્દેશ આયુર્વેદની આ પ્રાચીન સારવાર પદ્ધતિને સમાજમાં પુન: સ્થાપિત થાય તથા તેનો પ્રચાર પ્રસાર થાય જેથી આ પદ્ધતિ પુન: જીવિત થઈ શકે અને વધુમાં વધુ દર્દીઓ તેનો લાભ લઈ શકે.